# શહેરમાં વાહકજન્ય રોગ અને એલર્જીના કેસ વધ્યા



## શિયાળાની ઠંડીમાં પણ ડેન્ગ્યુના દર્દીઓ પ્રકાશમાં આવતા આરોગ્ય તંત્ર ચિંતામાં મુકાયું છે

ગાંધીનગર, તા. ૧૬ સામાન્યરીતે ચોમાસા દરમ્યાન વાદળછાયા વાતાવરણમાં પાણી ભરાઈ રહેવાને કારણે મચ્છરનો ઉપદ્રવ જોવા મળતો હોય છે. મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનીયા જેવા વાહકજન્ય રોગના દર્દીઓ પણ આ સિઝનમાં ખાસ સામે આવતા હોય છે ત્યારે હવે શિયાળાની ઠંડીમાં પણ ડેન્ગ્યુના દર્દીઓ પ્રકાશમાં આવતા આરોગ્ય તંત્ર ચિંતામાં મુકાયું છે. તો સાથે સાથે એન્ટી લારવાની કામગીરી શરૂ કરવી પડે તેવી સ્થિતિ પણ ઉભી થઈ છે.

વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદી માહોલમાં પાણી ભરાઈ રહેવાને કારણે મચ્છરો ઉત્પન્ન થયા હોય છે અને થોડાક જ દિવસમાં આ મચ્છરો ડેન્ગ્યુ, મેલેરિયા જેવા જીલવેણ બિમારી ફેલાવવા જેટલા પુખ્ત પણ થઈ જતા હોય છે.

આ વખતે ચોમાસા દરમ્યાન સાવચેતીને કારણે ડેન્ગ્યુ, મેલેરિયાના કેસમાં સુખદ ઘટાડો જોવા મળ્યો હતો ત્યારે છેલ્લા બે અઠવાડિયાથી ગાંધીનગર શહેર તેમજ આસપાસના વિસ્તારમાં મચ્છરજન્ય બિમારીના કેસ ખાસ પ્રકાશમાં આવી રહ્યા છે જે કોર્પોરેશન અને સ્તાનિક તંત્રની સાથે આરોગ્ય તંત્ર માટે પણ ચિંતાનો વિષય બન્યો છે. શિયાળાની ઠંડીમાં સામાન્ય રીતે મચ્છરો રહેતા નથી તેમ છતા હાલની સ્થિતિએ પણ ડેન્ગ્યુના કેસ વધી રહ્યા છે જે આશ્ચર્યજનક બાબત છે.

ગાંધીનગર નજીક કુડાસણ, સરગાસણ, પેથાપુર તથા પાટનગરમાં આવેલી ખાનગી હોસ્પિટલમાં ડેન્ગ્યુના કેસ ખાસ જોવા મળી રહ્યા છે તો સાથે ગાંધીનગર સિવિલમાં પણ છેલ્લા એક અઠવાડિયામાં ડેન્ગ્યુ અને મેલેરિયાના કેસ વધુ મળી આવ્યા છે. જેમાં ઈનડોર સારવાર આપવામાં આવી છે.

આ ઉપરાંત હઠિલા કહેવાતા ચિકનગુનીયાના કેસ પણ આ ઠંડીની ઋતુમાં પ્રકાશમાં આવી રહ્યા છે જે પણ ખુબ ચિંતાજનક બાબત છે. ઉલ્લેખનીય છે કે, ઘર અને ઓફિસની આસપાસના વિસ્તારમાં પાણી ભરાઈ રહેલાને કારણે ત્યાં મચ્છરો ઉત્પન્ન થાય છે જે પોઝિટિવ દર્દીને કરડીને ચેપ ફેલાવાલાયક થઈ જાય છે.

આ ઊપરાંત એલર્જી ના કેસ પણ વધી રહ્યા છે.સ્કીન ની વિવિધ પ્રકાર ની એલર્જી થતાં દર્દીઓ ની સંખ્યા વધવા પામી છે સિવિલ માં દર્દીઓની લાઈનો લાગી ગઈ છે.શિયાળાની ઋતુ માં આ બધા રોગો વધતા તંત્ર પણ જાગ્યું છે.

# સરગાસણ ટીપી-૯ના બગીચાની જાળવણીમાં લાલિયાવાડી

### કચરાના ઢગને કારણે સુંદર બગીચાની ઘોર ખોદાઇ રહી છે : જાળવણીના અભાવે અનેક છોડ સુકાઇ રહ્યાં છે



ગાંધીનગર, તા. ૧૬ ગાંધીનગર રમણીય બગીચાઓથી શોભતું શહેર છે અને અહીંની વનરાજી સાથે શહેરના બગીચાઓ પણ પાટનગરની આગવી ઓળખ ધરાવે છે. શહેરમાં લગભગ મોટાભાગના સેક્ટરમાં જુના બગીચાઓનું રિનોવેશન કરાયું છે અને ઘણાં બધા બગીચાનું રિનોવેશન કાર્યરત છે તે સાથે શહેરના નવા વિસ્તારોમાં પણ કેટલાંક નવા બગીચા વિકસાવાયાં છે. જોકે આ બગીચાઓની સારસંભાળની જવાબદારી જેની છે તેમને આ બગીચાઓમાં સ્વચ્છતા જાળવણીનું મહત્વ કદાચ ખબર જ નથી જેના કારણે તેમાં લાલીયાવાડી ચલાવાય છે અને અંતે સુંદર બગીચાની ઘોર ખોદાય છે. જાળવણીના અભાવે અનેક છોડ સુકાઈ રહ્યાં છે શહેરના સરગાસણ ચાર રસ્તા વિસ્તારમાં ટીપી-૯ ખાતે વિકસાવાયેલા બગીચાની હાલત પણ એવી જ જોવા મળી રહી છે. શહેરના સરગાસણ વિસ્તારમાં ટીપી-૯ ખાતે વિકસાવાયેલા ગાર્ડનમાં કચરાના ઢગની તાસીર જોઈને શહેરના પ્રકૃતિ અને સ્વાસ્થયપ્રેમી નાગરિકોમાં નિરાશા પ્રસરવા પામી રહી છે. સ્વચ્છતાનું સીધું જોડાણ સ્વાસ્થ્ય સાથે છે અને અત્યારે શિયાળામાં સ્વાસ્થ્યવર્ધન માટે નાગરિકો વહેલી સવારથી બગીચાઓમાં મોર્નિંગ વોક, યોગ-પ્રણાયામ, તાજી સ્વચ્છ હવા લેવા કે ઈવનિંગ વોક વગેરે માટે જતાં હોય છે. પોતાનો થાક ઉતારવા પણ બગીચામાં ટહેલવાનું ઘણાં નાગરિકો પસંદ કરતાં હોય છે પરંતુ ટીપી-૯ના આ બગીચાની હાલત જોઈને મન તો અસ્વસ્થ થઈ જવાય એવી સ્થિતિ છે પરંતુ આ બગીચામાં મોર્નિંગ વોક કે યોગ-પ્રાણાયામ તો દૂરની વાત છે પરંતુ અમસ્તા ટહેલવા જનારને પણ બગીચા પ્રત્યે દયા ઉપજે તેવી સ્થિતિ જોવા મળી રહી છે. બગીચામાં યોગ્ય જાળવણીના અભાવે અનેક છોડ સુકાઈ રહ્યાં છે. વળી, વૃક્ષોના ખરતાં પાંદડાના ઢગ તો નિયમિત સાફ કરવામાં આવતાં નથી પરંતુ તે સાથે બગીચામાં અન્ય કચરાના ઢગ પણ જેમના તેમ જોવા મળી રહ્યાં છે જે સુંદર બગીચાની ઘોર ખોદી રહ્યાં છે. આ

# કરાઓકે-સંગીત સ્પર્ધા-૨૦૨૨ કાર્યક્રમના ફાઈનલ ઓડીશન-રાઉન્ડનું આયોજન

ગાંધીનગર, તા. ૧૬ મહાન પાર્શ્વગાયક સ્વશ્રી. મો. રફી સાહેબની ૯૮મી જન્મજયંતિ નિમિત્તે સ્વરાંજલી આપવા માટે શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો આયોજીત “મેરી આવાઝ સુનો” (કરાઓકે-ક્લબ) દ્વારા ગાંધીનગર-અમદાવાદ શહેરનાં તેમજ આજુ-બાજુનાં વિસ્તારનાં અનુભવી/બિન-અનુભવી કલાકારોને કરાઓકે-ટ્રેકશો દ્વારા પોતાના આવાઝમાં ગીતો ની રજુઆત કરવા માટે તેમજ એક સારૂ સ્ટેજ/પ્લેટફોર્મ પુરૂ પાડવાનાં હેતુથી કરાઓકે સંગીત સ્પર્ધા-૨૦૨૨ કાર્યક્રમનાં ફાઈનલ રાઉન્ડનું આયોજન તા. ૧૮-૧૨-૨૦૨૨ (રવિવાર)ના રોજ બપોરે ૧૧-૩૯ કલાકે શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો, ૧૨૪-સનરાઈઝ આર્કેડ, મારુતિ-નેક્ષા શો-રૂમ ની બાજુમાં, કુડાસણ, ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે.

આ સ્પર્ધાનાં ફાઈનલ રાઉન્ડમાં ભાગ લેનાર કલાકારોને પ્રોત્સાહીત કરવા માટે નિર્ણાયક (જજ) તરીકે અમદાવાદનાં જાણીતા પ્રોફેશનલ સિંગર ચિરાગ દેસાઈ(વોઈસ ઓફ મો. રફી) તેમજ મુખ્ય મહેમાન તરીકે ઉમેશ મખીજા (રફી ફેન) હાજર રહેવાનાં છે. વધુ માહિતી માટે મોબાઈલ નં. ૮૮-૪૯૪-૫૪૪૦૫ તેમજ ૯૪-૨૭૩-૧૮૦૭૩ ઉપર સંપર્ક કરવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# ન્યુ વાવોલમાં નવા બનેલા સીસી રોડને નુકસાન પંહોચાડતા બિલ્ડર્સ

### તાજેતરમાં જ નવનિર્માણ પામેલાં સીસી રોડ પર જ વેલ્ડીંગ-કટીંગનું કામ ચાલુ કરી દેવામાં આવ્યું : જાહેર રસ્તાના દુરુપયોગને સત્વરે અટકાવાય તેવી જનતાની લાગણી

ગાંધીનગર, તા. ૧૬ સામાન્યપણે રોડ-રસ્તા ખરાબ હોય કે તુટેલાં હોય તો જવાબદાર તંત્રને ભાંડવામાં નાગરિકો પાછા પડતાં નથી પરંતુ દર વખતે તંત્ર જ એના માટે જવાબદાર હોય તે જરૂરી નથી હોતું. એક જવાબદાર નાગરિક તરીકે સૌની ફરજ હોય છે કે રોડ-રસ્તા હોય કે અન્ય કોઈપણ જાહેર મિલકતો હોય કે સુવિધાઓ, તે આપણાં સૌની સહિયારી હોય છે અને તેથી તેને સાચવવાની જવાબદારી પણ આપણાં સૌની હોય છે. જાહેર મિલકત કે સુવિધાઓનો દુરુપયોગ કરવો કે તેને નુકસાન પંહોચે તેવાં કાર્યો કરવા તે એક જવાબદાર નાગરિક કે સમાજ માટે યોગ્ય બાબત ના કહેવાય પરંતુ આપણાં ત્યાં દરેકને ફરિયાદો તો અઢળક કરવી છે પરંતુ કોઈ કહે નહીં ત્યાં સુધી ફરજ એક પણ નિભાવવી નથી.



આવી જ સ્થિતિ ગાંધીનગરના ન્યુ વાવોલ વિસ્તારમાં ગુડાની પાણીની ટાંકીની બાજુમાં નવા બનેલા સીસી રોડ પર જોવા મળી રહી છે. આ વિસ્તારમાં નવી અસંખ્ય રહેણાંક સ્કિમો વિકસી રહી છે પરંતુ મોટા ભાગના પ્રોજેક્ટ્સના ડેવલોપર્સ નિયત ધારાધોરણોનું પાલન કરવા બાબતે બેદરકારી દાખવવામાં પાછા પડતાં નથી અને પોતાના ફાયદા માટે જાહેર સુવિધાઓને નુકસાન પંહોચાડતા અચકાતાં પણ નથી. એટલે સુધી કે ન્યુ વાવોલ વિસ્તારમાં ગુડાની પાણીની ટાંકીની બાજુમાં નવા બનેલા સીસી રોડ પર વિકસી રહેલી એક રહેણાંક કમ કોમર્શિયલ સ્કિમના બિલ્ડર દ્વારા તો તાજેતરમાં જ નવનિર્માણ પામેલાં સીસી રોડ પર જ વેલ્ડીંગ-કટીંગનું કામ ચાલુ કરી દેવામાં આવ્યું છે જેના કારણે નવા બનેલા રોડને નુકસાન પંહોચી રહ્યું છે. નવનિર્મિત રોડની થઈ રહેલી દુર્દશાને કારણે આ વિસ્તારના જાગૃત નાગરિકોમાં ચિંતાની લાગણી પ્રસરવા પામી છે. સત્વરે નવા સીસી રોડનો આ રીતે થઈ રહેલો દુરુપયોગ અટકાવાય તેવી આ વિસ્તારની જનતામાં લાગણી પ્રવર્તતી જોવા મળી રહી છે.

# સફાઈ કર્મચારી મહિલાને શારીરીક અડપલા કરતા પટાવાળા સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૧૬ ગાંધીનગર શહેરની સરકારી કચેરીમાં સફાઈ કામદાર તરીકે કામ કરતી મહિલા કર્મચારીને તે જ સ્થળે પટાવાળા તરીકે કામ કરતા આધેડે મહિલાને અવાર-નવાર શારીરીક અડપલા કરતો હોવાથી મહિલાએ પટાવાળા તરીકે કામ કરતા વ્યકિત સામે પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના એક ગામમાં મહિલા પોતાના પરિવાર સાથે રહે છે. જયારે સરકારી કચેરીમાં આઉટસોર્સમાં સફાઈ કર્મચારી તરીકે મહિલા છેલ્લા ચાર વર્ષથી ફરજ બજાવે છે. ત્યારે મહિલા સાથે અન્ય એક સફાઈ કર્મચારી પણ ફરજ બજાવે છે. જયારે મહિલા ફરજ બજાવે છે તે જગ્યાએ ગાંધીનગરના નજીકના ગામનો આધેડ પટાવાળા તરીકે નોકરી કરે છે. જયારે મહિલા કર્મચારી અને અન્ય સફાઈ કર્મચારી બપોરે કામ પુરુ કરીને જમવા માટે સાથે બેસતા હતા. તે સમયે આ પટાવાળા આધેડ જઈને જેમ ફાવે તેમ બોલીને મહિલાને શારીરીક અડપલા પણ કરતા હતા. ત્યારે તાજેતરમાં બપોરે એક વાગે બંન્ને સફાઈ કર્મચારીઓ જમી રહ્યા હતા, તે સમયે પ્યુન ત્યાં પહોંચી ગયો હતો અને મહિલાને જેમ ફાવે તેમ બોલી શારીરીક અડપલા કરતા મહિલાએ પટાવાળા આધેડ સામે ફરીયાદ નોંધાવી છે.



ગાંધીનગરમાં રખડતા પશુઓની સમસ્યા યથાવત રહી છે. અનેક ઉપાયો કરવા છતાં વસાહતીઓને રખડતા ઢોરોના ત્રાસમાંથી મુક્તિ મળતી નથી. ગાંધીનગર શહેર હોવા છતાં અહીં ઘણા પશુપાલકો રહે છે અને દૂધનો વ્યવસાય કરે છે, પરંતુ આ પશુપાલકો સવાર પડતાં જ પોતાના પશુઓને છુટા મુકી દે છે. આખો દિવસ આ પશુઓ શાકમાર્કેટમાં અને અન્ય સ્થળોએ ફરે છે સાથે જ વસાહતીઓને પરેશાન કરે છે. કેટલાક પશુઓ રસ્તા પર જ અડીંગો જમાવતા હોવાથી વાહનચાલકો પરેશાન થાય છે.

# અવનવી ફુડ પ્રોડક્ટસ અને મશીનરીનો ખજાનો એટલે ખાદ્ય ખોરાકી એક્સ્પો

### સ્વાદ રસિયાઓમાં પણ મુલાકાત માટે ઉત્સાહ : એક્સ્પોના બીજા દિવસે મુલાકાતીઓની સંખ્યા વધી : એક કલાકમાં ૨ હજાર બ્રેડનુ ઉત્પાદન કરતા ઓટોમેટીક મશીન સંદર્ભે વેપારી જણાવે છે કે એક્સ્પોના સારા પરિણામ લાંબા સમયગાળા બાદ મળે છે : જર્મન બેઇઝ ટેકનોલોજી ધરાવતા આઇસ્ક્રીમ મશીન પણ આકર્ષણનુ કેન્દ્ર : ફુડ સેકટરના વેપારીઓમાં ઉત્સાહ : કેસર ફ્લેવર્ડ ટી અને ઉતરાયણના લાઇવ ઉંધીયાના ટેસ્ટ માટે મસાલાના સ્ટોલ પર જમાવટ

ગાંધીનગર તા ૧૬ ગાંધીનગરમાં સે-૧૭ સ્થિત એક્ઝિબ્યુશન સેન્ટરમાં શરૂ થયેલા ખાદ્ય ખોરાક એકસ્પોમાં આજે મુલાકાતીઓની ભીડ જોવા મળી હતી અવનવી ફુડ વેરાઈટીઝ , ફુડ મેકીંગ અને પ્રોસેસીંગ મશીનરી ઉપરાંત ખાદ્ય સામગ્રીનો ખજાનો મુલાકાતીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર બન્યો હતો. આઈસ્ક્રીમ, ચોકલેટસ , ફરસાણ, મીઠાઈ સહીતની ખાદ્ય સામગ્રી અને અવનવી ખાદ્ય ચીજવસ્તુઓને અનુલક્ષી ધંધાકીય ક્ષેત્રને પ્રોત્સાહીત કરતા આ એકસ્પોમાં દેશના વિવિધ શહેરોમાંથી વેપારીઓએ ભાગ લીધો છે. એકસ્પોમાં સ્ટોલ ધરાવતા વેપારી ઓએ જણાંવ્યુ હતુ કે ખાદ્ય ખોરાકી ઉદ્યોગમાં ધંધાની નવી તકો વિકસે છે. જયારે આ વર્ષે પણ વેપારીઓને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. બેંગ્લોરથી આવેલા રેવા પ્રોજેકટ એન્જિયરીંગના રેવને જણાંવ્યુ હતુ કે બ્રેડ પાઉં અને કુકીસના ઓટોમેટીક મશીનરી સંદર્ભે એક કલાકમાં ૨ હજાર બ્રેડનુ ઉત્પાદન થાય છે. જેમાં માત્ર બે માણસની જ જરૂર પડે છે. મશીનના ડેમો જોવા માટે વેપારીઓ ઉત્સુકતા દાખવી રહ્યા છે.

ગાંધીનગરમાં સે-૧૭ સ્થિત એકઝિબ્યુશન સેન્ટર ખાતે ખાદ્ય ખોરાક ૨૦૨૨ પ્રદર્શનનો પ્રારંભ થયો છે. જયારે એકઝિબ્યુશનના બીજા દિવસે આજે રાજયના વિવિધ શહેરોમાંથી મોટી સંખ્યામાં મુલાકાતીઓ આવ્યા હતા. આ પ્રદર્શનના અંતે ૫૦ હજારથી વધુ રોજગારી સ્થાપવાની તકો ઉભી કરવા પ્રયાસ કરવામાં આવનાર છે. ત્યારે ખાદ્ય એકસ્પોના વિવિધ ડોમસમાં આજે ફુડ પ્રોસેસીંગના ઉફયોગમાં લેવાતી વિવિધ પ્રકારની મશીનરી , સાધનો તેમજ આઈસ્ક્રીમ પ્લાન્ટ , કેન્ટીનના સાધનો હોટલ કીચનને લગતી વિવિધ પ્રકારની ચીજવસ્તુઓ સહીત સંખ્યાબંધ ફુડ આઈટમસ અને મસાલાની વેરાઈટીઝ મુલાકાતીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર બની હતી. ખાદ્યસામગ્રીની બનાવટમાં




ઉપયોગમાં લેવાતી મશીનરી અને ફુડ પ્રોડકટસ નિહાળીને મુલાકાતીઓ દંગ રહ્યા હતા. વિવિધ સ્ટોલ્સ પર જાતજાતની વેરાઈટીઝ પ્રદર્શિત કરવામાં આવી હતી. દેશ વિદેશના એક હજારથી વધુ ફુડ પ્રોસેસીંગ તેમજ ફુડ પ્રોડકટસના સ્ટોલ્સ પ્રદર્શિત કરવામાં આવ્યા છે. ડોમ નં -૧૧ માં પણ અવનવી ખાદ્યસામગ્રી આઈસ્ક્રીમનુ મશીન , ખાખરા બનાવાનુ મશીન, આસામની ચ્હાય પત્તી અલબત્ત જીવરાજની વિવિધ પ્રકારની ફ્લેવર્ડ ટી ની ચુસ્કીઓનો આનંદ પણ મુલાકાતીઓએ લીધો હતો. જયારે ઉતરાયણનુ પર્વ નજીકમાં છે ત્યારે વિવિધ પ્રકારના કીચન મસાલા નાંખીને મુલાકાતીઓને લાઈવ ઉંધીયાનો ટેસ્ટ પણ કરાવાયો હતો. આ ઉપરાંત ચીકી , રાજસ્થાનની અવનવી મીઠાઈ, જામ , ચોકલેટસ , વિવિધ પ્રકારના ફરસાણ , આઈસ્ક્રીમ, કીચનવેર , કોલ્ડ્રીંક્સ , જયુસ પ્રોડકટસ , ડ્રાય ફ્રુટસ કેકસ ની વિવિધ વેરાઈટીઝ પણ મુલાકાતીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર બની હતી. દેશના વિવિધ ખુંણેથી આવેલા વેપારીઓએ પણ ધંધાકીય દ્રષ્ટીકોણથી આ સ્ટોલ્સની મુલાકાત લઈ અભ્યાસ કર્યો હતો. આઈસ્ક્રીમ મશીનરી સંદર્ભે ભકિત એન્જિયર્સના આઈસ્ક્રીમ મશીનરી અંગે જણાંવ્યુ હતુ કે તેની કીંમત ૧૦ થી ૧૨ લાખની કીંમત છે. જયારે પેકેજીંગ મશીન અલબત્ત આઈસ્ક્રીમ કોન પેક કરવાના મશીન પમ ઉપલબ્ધ છે. જર્મન બેઈઝ ટેકનોલોજીના મશીન છે. એકસ્પોમાં ભાગ લીધા બાદ લાંબા સમયના અંતે પણ સારા પરિણામ મળે છે. ખાદ્ય ખોરાકી એક્સ્પોના વેપારીઓએ જણાંવ્યુ હતુ કે આજે બીજો દિવસ છે ત્યારે દેશ વિદેશથી આવતા મુલાકાતીઓનો પ્રતિભાવ સારો છે. અગાઉ પણ એક્સ્પોમાં ભાગ લીધો હતો જેના લીધે અમારા વેપાર ધંધાને વેગ મળ્યો છે. જયારે એક્સ્પોમાં બિઝનેસને પ્રમોશન મળે છે જયારે નવા સંપર્કો પણ થાય છે જેના લીધે વેપારની નવી તકો ઉભી થાય છે.

# આ વર્ષે પતંગ દોરાના ભાવમાં ૨૦ ટકાનો વધારો

### ઉતરાયણ રસિકો માટે માઠા સમાચાર : ૫ હજાર વાર ની દોરી રંગવાનો ભાવ ૨૫૦ થી ૩૦૦ રૂપિયા છે



ગાંધીનગર, તા. ૧૬ મકરસંક્રાતિ હિન્દુ ધર્મનો મુખ્ય તહેવાર છે, આ નવા વર્ષે ૧૪ જાન્યુઆરી અને ૧૫ મી જાન્યુઆરીના રોજ લોકો પતંગ ઉડાવીને આ તહેવારની ઉજવણી કરે છે.ત્યારે ઉતરાયણ રસિકો માટે માઠા સમાચાર છે. આ વર્ષે પતંગ દોરા ના ભાવ માં ૨૦ થી ૨૨ ટકાનો ભાવ વધારો થયો છે.૨૫ મી ડીસેમ્બર પછી આ વધારો કરવામાં આવશે.૫ હજાર વાર ની દોરી રંગવાનો ભાવ ૨૫૦ થી ૩૦૦ રૂપિયા છે.

મોટા શહેરમાં તો દિવાળી પછી તરત જ ઉત્તરાયણ ની પૂર્વ તૈયારી શરૂ થઈ જાય છે . વાંસથી કમાન બનાવવાનું અને જાતજાતના આકારના રંગની પતંગો બનાવવાનું કામ પૂરજોશમાં ચાલૂ થઈ જાય છે બીજા બાજુ દોરી રંગવાનું કામ પણ યુદ્ધના ધોરણે શરૂ થાય છે. ઉતરાયણ અગાઉથી જ બાળકો તેમજ તમામ આ તહેવારના ચાહકો પતંગ અને દોરાની ખરીદી કરે છે. પતંગ કાગળ અને વાંસની લાકડીના યોગ્ય જોડાણ દ્વારા બનાવવામાં આવે છે. તથા દોરીની પણ ખાસ પ્રકારની બનાવટ હોય છે. જેથી કે પતંગબાજોના પતંગ આકાશમાં વધુ સમય સુધી ટકી શકે. પતંગ બજારોમાં દર વર્ષે નવી નવી જાતના પતંગો જોવા મળે છે. ખાસ કરીને વર્ષ દરમ્યાનના બનાવો,ઘટના કે અન્ય જાણીતી હસ્તીઓના નામવાળા પતંગો બનાવાતા હોય છે,કોવીડ-૧૯ કાળ દરમ્યાન ગત વર્ષે એ છાપવાળા,અને માસ્ક,સામાજિક અંતરના સંદેશોવાળા પતંગ બજારોમાં વેચાયા હતા. આ વર્ષે ફિલ્મોના અને ટીવી સીરીયલોના નામવાળા અને રમણ-ભમણ,લેરી લાલા,હાવજ ના કાળજા સહિતના છાપોવાળા પતંગો જોવા મળી રહયા છે. કોરોના મહામારી બાદ પતંગ દોરાના ના ભાવ માં ઉછાળો નોંધાયો છે.ગયા વર્ષે પણ પતંગ દોરાના ભાવ આસમાને પહોંચ્યા હતાં જેથી પતંગ બાજો માં ઉત્સાહ રહ્યો નહોતો અને બજારોમાં મંદી નો માહોલ રહ્યો હતો.આ વર્ષે પણ પતંગ દોરાના ભાવ પતંગ ની જેમ આસમાને પહોંચી જવાના છે.જેમાં લોકો ને કોઈ પણ પ્રકારની ઢીલ મળશે નહિ ત્યારે આ વર્ષે પણ લોકો ને મોંઘવારી માં પિસાવાનો વારો આવ્યો છે દિવાળી માં પણ ફટાકડા નો ભાવ આસમાને પહોંચી ગયો હતો.દરેક તહેવાર માં લોકો ને મોંઘવારી નડી રહી છે.જેના કારણે સાચો ઉત્સાહ જોવા મળી રહેતો નથી.